# પ્રેસ-નોટ

## ચાંદખેડા વિસ્તારમાંથી જુગાર રમતા કુલ ૦૯ ઇસમોને ઝડપી લઇ ગણનાપાત્ર જુગારનો કેસ શોધી કાઢતી ચાંદખેડા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૧ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી 'એલ'ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી હાલમાં જન્માષ્ટમીનો તહેવાર ચાલતો હોય જુગારના કેસો શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે આધારે આજરોજ ચાંદખેડા મોટેરા સ્ટેડિયમની સામે મુક્તિધામ સોસાયટી મ.નં.એ/૪૨ ખાતે કેટલાક ઇસમો ભેગા મળી ગંજીપાનાથી નાણાંની હારજીતનો જુગાર રમી રમાડતા હોય જે બાતમી હકિકત આધારે અમોએ પો.સ.ઇ.શ્રી પી.એસ.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડની ટીમ મોકલી જે જગ્યાએ રેઈડ કરતાં કુલ ૦૯ ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગઝડતીના નાણાં રૂ.૪૦,૯૫૦/- તથા દાવના નાણાં રૂ.૨૦૮૦/- તથા મોબાઇલ ફોન નંગ.૦૯ કિં.રુ. ૯૦,૨૦૦/- તથા મારુતી કાર બલેનો કિં.રુ.૬,૦૦,૦૦૦/- તથા સ્પેલ્ન્ડર મો.સા. કિં.રુ.૧૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૭,૪૩,૨૩૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ ૦૯ ઈસમો વિરુધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નંબર ૩૧૩૨/૨૦૧૯ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ ગુનો દાખલ કરી તમામ ઇસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યાવાહી કરી સારી ગણનાપાત્ર કામગીરી કરવામાં આવેલ છે તારીખ-૨૫/૦૮/૨૦૧૯.

(બી.કે.ગમાર)
પોલીસ ઇન્સ્પેક્ટર
ચાંદખેડા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર